## આંગળીના ટેરવે વિધાનસભાની કાર્યવાહી જાણી શકાશે

# હવે ગુજરાત વિધાનસભા પેપરલેસ : MLA ઓનલાઈન પ્રશ્ન પૂછશે, જવાબ પણ જાણી શકશે

અમદાવાદ,સોમવાર

ડિજીટલ ઈન્ડિયાના ભાગરુપે ૪૪ મિશન પ્રોજેક્ટ ચાલી રહ્યા છે જે પૈકી ઈ-સંસદ અને ઈ-વિધાન પ્રોજેક્ટને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. રૂા.૭૪૯ કરોડના ખર્ચે આખોય પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ ડિઝીટલ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત વિધાનસભાને ય પેપરલેસ જ નહીં, ઓટોમેટેડ બનાવવામાં આવી રહી છે. હવે ધારાસભ્યો ઓનલાઈન પ્રશ્ન જ પૂછી શકશે અને એપ્લિકેશનના માધ્યમથી સરકારી જવાબ જાણી શકશે.

## નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન થકી બિલો, નોટિસ, મેજ પર મૂકાતાં કાગળો કમિટીના રિપોર્ટ ઓનલાઈન જોઈ શકાશે

હાલમાં ધારાસભ્યોને વિધાનસભામાં પ્રશ્ન પૂછવા હોય તો,લેખિત પત્ર લખવો પડે છે.વિધાનસભાના વિભાગીય અધિકારી પણ જે તે વિભાગમાં પ્રશ્ન મોકલાવી જવાબ મંગાવે છે ત્યાર બાદ ધારાસભ્યોને જવાબ મોકલાય છે. પણ હવે આ બધુય કરવાની જરુર નહી પડે. મિનિસ્ટ્રી પાર્લામેન્ટ્રી અફેર્સના જોઈન્ટ સેક્રેટરી ડૉ.સત્યા પ્રકાશે જણાવ્યું કે, નેશનલ ઈ વિધાન એપ્લિકેશન ડાઉનલોડ કરી

**રૂા.૭૪૯ કરોડના ખર્ચે આખોય પ્રોજેક્ટ તૈયાર કરાયો**

ધારાસભ્ય વિધાનસભામાં કોઈપણ પ્રશ્ન ઓનલાઈન પૂછી શકશે.જવાબ જાણી શકશે.એટલુ જ નહીં,નોટિસ પણ આપી શકશે. આ ઉપરાંત અધિકારી પણ જે તે વિભાગમાંથી ઓનલાઈન જ જવાબ મંગાવશે જેથી પત્રવ્યવહારનો ખર્ચ,સમયની ભરપૂર બચત થશે. લોકસભા,રાજ્યસભા કે વિધાનસભામાં કયા કયા વિષય પર પ્રશ્ન

(અનુસંધાન છટ્ઠે પાને)

## હવે ગુજરાત વિધાનસભા

(છેલ્લા પાનાનું ચાલુ)

પૂછાયાં અને તેના શું જવાબો રજૂ કરાયાં છે તે એક જ ક્લિકમાં જાણી શકાશે.

વિધાનસભામાં શું કાર્યવાહી થઇ,કયા બિલ રજૂ થયાં,ગૃહના મેજ પર કયા કાગળો મૂકાયાં, વિવિધ કમીટીઓના રિપોર્ટ પણ આ એપ્લિકેશનની મદદથી ઘેરબેઠા જાણી શકાશે. આ ઉપરાંત ધારાસભ્યો પોતાના પ્રશ્નના મુદ્દે સ્પિકિંગ ડાયરેક્ટરીથી રાજ્યના જ નહીં,દેશના કોઈપણ અધિકારી સાથે સીધી વાતચીત કરી શકશે. હાલમાં આ એપ્લિકેશન દ્વારા પીએમઓ,લોકસભા,રાજ્યસભા સહિત દેશની ૩૧ વિધાનસભાના અધિકારી ઉપરાંત ૫૩૪૭ ધારાસભ્યો,સાંસદો,મંત્રીઓના નંબર સહિતની વિગતો ઉપલબ્ધ કરવામાં આવી છે. વન નેશન,વન એપ્લિકેશનના સૂત્ર સાથે આખોય પ્રોજેક્ટ હાથ ધરાયો છે. લોકસભા,રાજ્યસભા,વિધાનસભાને પેપરલેસ,ઓટોમેટેડ બનાવવા ખાસ સોફ્ટવેર બનાવાયુ છે.ભારત સરકારના સંસદીય કાર્ય મંત્રાલયના બે આઈટી નિષ્ણાતો ગાંધીનગરમાં વર્કશોપમાં ગુજરાતના ટોચના અધિકારીઓને તાલીમ આપી રહ્યાં છે. ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવા તૈયારીઓ શરુ થઇ ચૂકી છે.